SC

[136] SEAT No.________ No. of Printed Pages : 3

# SARDAR PATEL UNIVERSITY

## M.A. Examination 4th Semester

Tuesday, Date-03/4/2018, Time: 2-00p.m. to 5: 00 p.m.

PA04C GUJ07 Shailivignan Ane Gujarati vyakran (Total marks :70)

.................................................................................................................................

પ્રશ્ન :૧ વૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો. ગુણ :10

૧) નીચેનાં યુગ્મોને યોગ્ય રીતે જોડો.

| યાદી:૧ | યાદી:૨ |
|---|---|
| ૧) તત્પુરુષ સમાસ | ૧) પ્રતિમાસ |
| ૨) એકદેશી સમાસ | ૨) સાગરવિહાર |
| 3) અવ્યયીભાવી સમાસ | 3) ગર્ભસ્થ |
| ૪) ઉપપદ સમાસ | ૪) ઉત્તરાવસ્થા |

અ) ૧-૨ ,૨-૧, 3-૪, ૪-3 બ) ૧-૨, ૨-3, 3-૧, ૪-૪

ક) ૧-૨, ૨-૧, 3-3, ૪-૪ ડ) ૧-૨, ૨-૪, 3-૧, ૪-3

૨) 'આત્માની મુખાકૃતિ એટલે શૈલી'-આ વિધાન કોનું

અ) વર્સફીલ્ડ બ) શૉપનહોર ક) વ્હીપ્લે ડ) કાર્લાઈલ

3) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન:૧ 'મારે જવાનું છે'- આ વાક્યમાં વિધ્યર્થ કૃદંત છે.

વિધાન: ૨ તેમના ઘરે બેસવાને ખુરશી નથી. - આ વાક્યમાં સંબંધક ભૂતકૃદંત છે.

અ) બન્ને વિધાન સાચાં છે. બ) બન્ને વિધાન ખોટાં છે.

ક) વિધાન: ૧ સાચું, વિધાન: ૨ ખોટું ડ) વિધાન : ૧ ખોટું, વિધાન :૨ સાચું

૪) 'તો' નિપાત કઈ અર્થચ્છાયા ધરાવે છે?

અ) અન્ય નિરપેક્ષતા બ) અન્ય વ્યાવર્તકતા ક) અવધારણા ડ) આજીજી



(P.T.O.)

૫) નીચેની યાદીઓના આધારે યોગ્ય યુગ્મ રચો.

| યાદી :૧ | યાદી :૨ |
| --- | --- |
| ૧.મારંમારી | ૧) પ્રાસની દ્વિરુક્તિ |
| ૨.વાંકુચૂકુ | ૨) સંયોજકવાળી દ્વિરુક્તિ |
| ૩. લસરક પસરક | ૩) સ્વરવ્યંજનના ભેદવાળી દ્વિરુક્તિ |
| ૪.માલસામાન | ૪) અર્થની દ્વિરુક્તિ |

અ)૧-૨ ,૨-૧,૩-૪,૪-૩ બ) ૧-૨,૨-૩,૩-૧,૪-૪

ક)૧-૨,૨-૧,૩-૩,૪-૪ ડ)૧-૨,૨-૪,૩-૧,૪-૩

૬) 'મકાન આગળ વીજળીનો થાંભલો છે.' વાકયમાં 'આગળ' પદનો વ્યાકરણી મોભો દર્શાવો.

અ) ક્રિયાપદ બ) ક્રિયાવિશેષણ ક) નામયોગી ડ) વિશેષણ

૭) ' આશય,લાગણી,કાકુ અને અર્થ'- ભાષાનાં આ પ્રયોજનો વિશે કયા વિદ્વાને વિચારણા કરી.

અ) આઇ.એ.રિચર્ડસ બ) યાકોબ્સન ક) હેલિડે ડ) ચાર્લ્સ બાલી

૮) આનંદવર્ધને 'ચિત્તની દીપ્તિ' અવસ્થાને કયા કાવ્યગુણ સાથે સાંકળી છે.

અ) માધુર્ય બ) સમતા ક) ઓજસ ડ) પ્રસાદ

૯) 'શૈલીવિજ્ઞાન' પુસ્તકના લેખક કોણ?

અ) બળવન્ત જાની બ) નગેન્દ્ર ક) ઉમાશંકર જોશી ડ) જયંત ગાડીત

૧૦) ચાર્લ્સબાલીએ શૈલી અંગેનું પુસ્તક કઈ ભાષામાં રચ્યું છે?

અ) અંગ્રેજી બ)ફ્રેન્ચ ક) લેટિન ડ) ગ્રીક

પ્રશ્ન : ૨ રૂપ ,રૂપઘટક ,ઉપરૂપઘટક એટલે શું? તે જણાવી ગુજરાતી ભાષાની રૂપરચનાનો પરિચય કરાવો

**અથવા** (ગુણ: ૧૫)

ટૂંકનોંધ લખો. (બે)

અ.સર્વનામનાં રૂપાખ્યાન બ. ગુજરાતીમાં લિંગ-વચન વ્યવસ્થા

ક. કૃદંત અને નિપાત ડ. ક્રિયાવિશેષણો

પ્રશ્ન : ૩ અ. ગુજરાતી ભાષાની વાક્યરચનાઓ ,વાક્યપ્રયોગો અને વાક્ય રૂપાન્તરણનો સદૃષ્ટાંત પરિચય કરાવો. ( ગુણ : ૧૦)

**અથવા**

અ. પદક્રમ અને પદસંવાદ વિશે વિગતે લખો.

બ. માગ્યા પ્રમાણે ઉત્તર આપો. (ગુણ : ૫)

૧. 'રસિકે ઘોડી બનાવ્યો' -પ્રેરક બનાવો.

૨. 'રમાએ સ્વેટર પહેર્યું ? '.-કર્મણિ બનાવો

૩. ' સ્નેહા ઊંઘી ગઈ'.-ભાવેપ્રયોગમાં રૂપાન્તર કરો.

૪. 'હું સવારે દિલ્હી પહોંચીશ'- વર્તમાનકૃદંત પ્રયોજી વાક્ય બનાવો.

૫.નીચેની વિગતોમાંથી સંયુક્ત અને સંકુલ વાક્યો બનાવો.

વિદ્યાર્થી જાતકો માટે આ સપ્તાહ અગત્યનું રહેશે. નવાં કાર્યોમાં સફળતા મળતી રહેશે. વડીલોના આશીર્વાદ મળે.મજબૂત મનોબળ કાર્યો સંપન્ન કરવામાં સહાયરૂપ બની રહેશે.

પ્રશ્ન : ૪ 'શીલ તેવી શૈલી' વિધાન સમજાવી શૈલીના સ્વરૂપલક્ષી પ્રભેદોનો પરિચય કરાવો.

(ગુણ : ૧૫)

અથવા

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) ગદ્યશૈલી અને પદ્યશૈલી બ) શૈલીની વિભાવનાઓ

પ્રશ્ન : ૫ શૈલીવિજ્ઞાન અને ભાષાવિજ્ઞાન વચ્ચેનો ભેદ દર્શાવી, ભારતીય શૈલીવિચારણા વિશે વિગતે લખો.

અથવા (ગુણ : ૧૫)

પાશ્ચાત્ય સાહિત્યની શૈલી વિચારણાનો પરિચય કરાવી, શૈલીવિજ્ઞાનની આધુનિક શાખાઓ જણાવો